ફોજદારી કેસ નં.૩૦૫૧/૨૦૨૪

## આંક–૧ તળેનો હુકમ

આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) નો ગુનો નોંધાયેલ છે. આ કામે આરોપીને વારંવાર સમન્સ તથા વોરંટ કાઢવામાં આવેલ હોવા છતાં આરોપી મળી આવેલ નથી. આજરોજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પુરશીશ આપી સી.આર.પી.સી. કલમ–૩૨૧ મુજબ તેઓ હાલનો કેસ પરત ખેંચે છે. પ્રોસીકયુશન કેસ પરત ખેંચવા માંગતા હોય ત્યારે જો કોર્ટને યોગ્ય જણાય તો ફરિયાદપક્ષને તેવા બિન સમાધાન લાયક હોય ત્યારે જો કોર્ટને યોગ્ય જણાય તો તેવા આરોપી વિરૂધ્ધની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરી શકે છે. હાલના કેસની હકીકતો જોતાં આ કામના આરોપી લાંબા સમયથી મળી આવતા નથી તથા જામીનદાર પણ આરોપીને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી હાલના કેસની કાર્યવાહી માત્ર અને માત્ર આરોપીની ગેરહાજરીના કારણે પેન્ડીંગ છે અને તે માત્ર કારણોસર આરોપીને છોડી મુકવાનું યોગ્ય જણાતું નથી અને તેથી ભવિષ્યમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ વિરૂધ્ધની કાર્યવાહી પોલીસ નવેસરથી દાખલ કરી શકશે અને તેઓને સમયમર્યાદાનો બાધ નડશે નહી તે શરતે હાલનો કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને આરોપીઓ વિરૂધ્ધની કાર્યવાહી હાલ પુરતી બંધ કરવામાં આવે છે.

મુદામાલ સબંધે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ થયેલ ન હોય તો તે સબંધે આગળથી ઈન્કવાયરી કરી મુદામાલ સબંધે હુકમ કરવામાં આવશે.

હુકમ આજરોજ તારીખ **ચૌદમી,** માહે: **માર્ચ,** સને **બે હજાર છવ્વીસ**નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલત અન્વયેની સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
મુંદરા–કચ્છ.

**(હિતેષ જયંતિલાલ તન્ના)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ – જી.જે.૦૦૯૫૫.